 C.C.No.2450/2019

Received on : 14.10.2019
Registered on : 14.10.2019
Decieded on : 07/03/2026
Duration :

TARGETTED CASE

## દાહોદના ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ સમક્ષ.

**ક્રિમીનલ કેસ નં. ૨૪૫૦/૨૦૧૯**

**આંક: ૭૦**

| | |
|---|---|
| **ફરીયાદી** | શ્રી સરકાર |
| | **વિરૂધ્ધ** |
| **આરોપી** | ૧. પરસુભાઇ જામાભાઇ બીલવાળ<br>૨. સેતાનભાઇ લલવાભાઇ બીલવાળ<br>૩. ગદુભાઇ પાંગળાભાઇ બીલવાળ<br>તમામ રહે. લીલર, તા.જી.દાહોદ |

**શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી PATELIYA**

**આરોપી તરફે વિ.વ.શ્રી S S THAKORE**

**ગુનો:- ઈ.પી.કો.કલમ- ૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટની કલમ- ૧૩૫ મુજબ.**

**// ચુકાદો //**

**૧.** આ કામે ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં વિગત એવી છે કે, તા.૨૩/૦૪/૨૧૯ ના રોજ કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે ગામ લીલર મુકામે તળાવ ફળીયામાં આરોપીઓએ ગૌચરની જમીનની અદાવત રાખી આરોપી નં.૧ નાએ સાહેદ શાંતીભાઇ કાળીભાઇનાઓને ગાળો બોલી જતા રહેલ અને થોડીવાર પછી ઉપરોકત અદાવત રાખી તમામ આરોપીઓ સાહેદ શાંતિભાઇના ઘરે આવી ગાળો બોલી આરોપી નં.૧ નાએ તેના હાથમાંની કુહાડી વડે માર મારેલ તે વખતે ફરીયાદી વચ્ચે છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ લાકડી તથા કુહાડીના હાથા વડે

મુંઢ માર મારી ઈજાઓ કરી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી મહે. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ભારતીય દંડ સહિંતાની કલમ-૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ ના લગત ફરીયાદીએ કતવારા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૨૪/૧૯ થી આપતા, ફરીયાદીની ફરીયાદના આધારે પોલીસ તપાસના અંતે આરોપીઓ વિરૂધ્ધ ચાર્ઝશીટ કરેલ.

૨. આરોપીઓને સમંસની બજવણી થતાં, આરોપીઓ અદાલત રૂબરૂ હાજર થતાં તેઓને વિના મુલ્યે પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમનીલ પ્રોસીજર કોડની કલમ-૨૦૭ મુજબ આપવામાં આવી તેની ખાત્રી કરી, આરોપીઓ સામે આંક-૪ થી તહોમતનામુ ફરમાવી, આરોપીઓની અનુક્રમે આંક-૦૫, આંક-૦૬ અને આંક-૭ થી પ્લી સ્ટેટમેન્ટ લઇ તેમાં જણાવેલ ગુનાની વિગત વાંચી સંભળાવી સમજાવવામાં આવતાં, આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા ફરીયાદ પક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

3. ફરીયાદ પક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવો**

| આંક | વિગત |
|---|---|
| ૬૩ | ફરીયાદી બચુભાઇ કાળીચાભાઇ બીલવાળની જુબાની |
| ૬૪ | ફરીયાદ |
| ૬૫ | સાહેદ શાંતિભાઇ કાળીચાભાઇ બીલવાળની જુબાની |
| ૬૬ | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |
| ૬૭ | અટક પંચનામુ |
| ૬૮ | મેડીકલ સર્ટીફીકેટ |

૪. ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ક્રિમનીલ પ્રોસીજર કોડની કલમ-૩૧૩ અન્વયે આરોપીનું વિશેષ નિવેદન નોંધવા લાયક પુરાવો ન હોય નોંધવામાં આવેલ નથી.

૫. સદર કામે બંને પક્ષના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવી.

૬. સબબ, કેસના આખરી નિર્ણય માટે મારા મતે નીચે મુજબના મુદાઓ ઉપિસ્થત થાય છે.

**મુદા નં.૧:–**

| ક્રમ | મુદો | તારણ |
|---|---|---|
| ૧. | શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,તા.૨૩/૦૪/૨૧૯ ના રોજ કલાક ૧૯:૦૦ વાગ્યે મોજે ગામ લીલર મુકામે તળાવ ફળીયામાં આરોપીઓએ ગૌચરની જમીનની અદાવત રાખી આરોપી નં.૧ નાએ સાહેદ શાંતીભાઇ કાળીભાઇનાઓને ગાળો બોલી જતા રહેલ અને થોડીવાર પછી ઉપરોકત અદાવત રાખી તમામ આરોપીઓ સાહેદ શાંતિભાઇના ઘરે આવી ગાળો બોલી આરોપી નં.૧ નાએ તેના હાથમાંની કુહાડી વડે માર મારેલ તે વખતે ફરીયાદી વચ્ચે છોડાવવા વચ્ચે પડતા આરોપીઓએ લાકડી તથા કુહાડીના હાથા વડે મુંઢ માર મારી ઈજાઓ કરી ગાળો બોલી એકબીજાની મદદગારી કરી મહે. જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાનો ભંગ કરી આરોપીઓએ ભારતીય દંડ સહિંતાની કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબનો સજાને પાત્ર ગુનો કરેલ છે? | નકારમાં |
| ૨ | શું હુકમ? | આખરી હુકમ મુજબ |

## :: નિર્ણય અંગેના કારણો ::

૭. સૌ પ્રથમ તો આ કામે ક્રિમીનલ કેસ છે તે સબબ Criminal Jurisprudence મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે કેસ સાબીત કરવાનો છે. Jurisprudence મુજબ ફરીયાદ પક્ષે આરોપી સામે કેસ સાબીત કરવાનો છે. આરોપી ને ચુપ રહેવાનો અધિકાર છે. તથા ફરીયાદ પક્ષ માટે પુરાવાથી કેસ સાબીત કરવાનુ ધોરણ તે Beyond

Reasonable Doubt છે. અને તે રીતે ફરીયાદ પક્ષે નિ:શંક પુરાવાથી સમગ્ર કેસ જેમ કે આરોપીની સ્થળે હાજરી, ઈજાનું સાધન, ઈજાનો પ્રકાર, હેતુ, ગુનાવાળી જગા, હથીયાર, કારણ વિગેરે હકીકતો પુરવાર કરવાની રહે છે. જો ફરીયાદ પક્ષ તેમ કરવામાં નીષ્ફળ જાય અને શંકા પણ પ્રેરાય તો Benefit of Doubt એ આરોપીનાં પક્ષે રહે છે. અહી સિવિલ કાયદાની જેમ શક્યતાની પ્રચુરતા પ્રમાણે પુરાવો આપવાનો હોતો નથી.

૮. ઉપરોકત મુદ્દાઓ પરત્વેના મારા નિર્ણયોના કારણોની ચર્ચા કરતી વખતે, આ કામે નોંધવામાં આવેલ સાહેદોની જુબાની તે રેકર્ડનો ભાગ હોઈ, સાહેદોની જુબાનીનો સારાંશ પ્રથમ નોંધીને પછી તેની ચર્ચા કરવાને બદલે, બિનજરૂરી પુનરાવર્તન ન થાય તે હેતુથી, મુદ્દા અનુસાર સંબંધિત જગ્યાએ સાહેદોની જુબાની ચર્ચાવામાં આવેલ છે. સૌપ્રથમ આરોપી વિરૂધ્ધ આક્ષેપિત ગુના સંબંધે રજુ પુરાવો મુલવતા પહેલાં, ફરિયાદપક્ષે આક્ષેપિત ગુનો બનવા માટે કયા કયા તત્વો સાબિત કરવાના રહે છે તે જોવું મહત્વનું બની રહે છે.

૯. ભારતીય ફોજદારી ધારાની કલમ ૩૨૩ કે બીએનએસ કલમ ૧૧૫ મુજબના શિક્ષાપાત્ર ગુનાને સાબિત કરવા ફરીયાદ પક્ષે નીચે મુજબની બાબતો સાબીત કરવી જરુરી છે. ૧. આરોપીએ શારિરીક પીડ, રોગ અથવા અશકિત નીપજાવેલ છે. ૨. આવુ કૃત્ય આરોપીએ વ્યથા કરવાના ઈરાદે અથવા વ્યથા કરવાનું સંભવ છે તેવા જ્ઞાન સાથે એટલે કે સ્વેચ્છાપૂર્વક કર્યું હતુ. વળી કલમ ૩૨૪ માટે ભયંકર હથીયાર થી સામાન્ય ઈજા થયેલ હોવી જરુરી છે. અને ઈપીકો કલમ ૩૨૫ માટે ભયંકર હથીયાર વગર મહાવ્યથા થયેલ હોવી જરૂરી છે. વળી આ ઈજાઓ આવેશ ને કારણે ન હોવી જોઈએ.

૧૦. તેવી જ રીતે ઈ.પી.કો.કલમ–૫૦૪ નો ગુનો બનવા માટે નીચે મુજબના ત્રણ ઘટકો પુરવાર થવા જરૂરી છે.

(૧) આરોપીએ ભોગ બનનારનું ઈરાદાપૂર્વક અપમાન કરેલ હોવું જોઈએ.

(૨) આરોપીએ કરેલ ભોગ બનનારનો આવો અનાદર ભોગ બનનારને ઉશ્કેરે તેવા પ્રકારનો હોવો જોઈએ.

(૩) આરોપીએ આપેલ આવો ઉશ્કેરાટ ભોગ બનનાર સુલેહશાંતિનો ભંગ કરશે અગર તો અન્ય કોઈ ગુનો કરશે તેવા ઈરાદા અને જ્ઞાન સાથે કરેલ હોવા જોઈએ.

ઉપરોકત ત્રણેય તત્વોમાંથી એક પણ તત્વો ગેરહાજર હોય તો કલમ–૫૦૪ અનુસારનો ગુનો આરોપીએ કરેલ છે તેમ કહી શકાય નહી.નામદાર સર્વોચ્ચ અદાલતે **Deni @ Lalo Vikramsinh punamsinh Khant Vs State of Gujarat 2014 (4) GLR Pg 3624 Para 44 45** ના ચુકાદામાં ઠરાવેલ છે કે, ઈ.પી.કો. કલમ–૫૦૪ નો ગુનો પુરવાર થવા માટે ત્રણ આવશ્યકતાઓ જરૂરી જણાવેલ છે, (પ્રથમ) આરોપી ભોગ બનનારનું અપમાન કરે, (બીજું) આ અપમાન એવા પ્રકારનું હોય કે જેથી ભોગ બનનાર ઉશ્કેરાય (ત્રીજું) આવું અપમાન આરોપી ધ્વારા એવા ઈરાદાથી કરવામાં આવેલ હોય કે જેથી ભોગ બનનાર સુલેહશાંતિનો ભંગ કરે અથવા તો કોઈ ગુનો કરવા પ્રેરાય. આ ત્રણેય તત્વો સાબિત થાય તો ઈ.પી.કો.કલમ– ૫૦૪ મુજબનો ગુનો બનેલ છે તેવું ગણાય તેમ નામદાર સર્વોચ્ચ અદાલતે ઠરાવેલ છે.

**૧૧.** તેવી જ રીતે ઈ.પી.કો.કલમ–૫૦૬ (૨) નો ગુનો બનવા માટે નીચે મુજબના બે ઘટકો પુરવાર થવા જરૂરી છે.

૧. આરોપીએ ફરીયાદીને ભયભીત કરવાના ઈરાદાથી અથવા પોતે જે કરવા કાનુનબધ્ધ ન હોય તેવુ કરવા માટે અથવા જે કાનુનબધ્ધ હોય તે ન કરવા માટેનો ઈરાદો ધરાવતા હોય.

૨. તેવા ઈરાદાથી ફરીયાદીને ધમકી આપી હોય અથવા મહાવ્યથા પહોંચાડવાની કે મૃત્યુ નિપજાવવાની કે કોઈ મિલ્કતનો આગથી નાશ કરવાની કે આજીવન કેદ અથવા સાત વર્ષની સજાને પાત્ર ગુનો કરવા અંગે અથવા સ્ત્રી ઉપર ચારિત્રય હિનતાના આક્ષેપની એટલે કે ગુનાહિત ધમકી આપી હોય.

આમ, ઉપરોકત વ્યાખ્યાને ધ્યાને લેતાં આરોપીએ આપેલ ધમકી ' ગુનાહીત માનસ 'રાખીને આપવમાં આવેલી તે ફરિયાદ પક્ષે સાબિત કરવું અનિવાર્ય બને છે કારણ કે, આવી ગુનાહિત ધમકી આપવા માટે આરોપીનું ચોકકસ ગુનાહિત માનસ હોવું જોઈએ.આ ઉપરાંત, આવી ગુનાહિત ધમકીની અસર પણ ભોગ બનનારને થયેલ હોવાનું ફરિયાદ પક્ષે સાબિત કરવાનું રહે છે. જો આરોપી દવારા

આપવામાં આવેલ ગુનાહિત ધમકીના પરિણામે ભોગ બનનારના મનમાં કોઈ પ્રકારે ભય ઉત્પન્ન થયેલ ન હોય અગર તો આરોપી તેવો ગુનો કરશે તે અંગે કોઈ શકયતા ન હોય તો તેવા સંજોગોમાં ઈ.પી.કો.કલમ–૫૦૬ (૨) અનુસારનો ગુનો બને તેમ માની શકાય નહી.

**૧૨.** હવે આ બાબતે પુરાવાની ચર્ચા કરીએ તો આ કામે સૌ પ્રથમ ફરીયાદી **બચુભાઈ કાળીયાભાઈ બીલવાળ**ને આંક–૬૩ થી ઓન લાઈન તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે ''બનાવ છ એક વર્ષ પહેલા રાત્રીના સમયે ગોચરની જમીન બાબતે બોલાચાલી થયેલી, તે વખતે ઘણા માણસોનું ટોળુ ભેગુ થઇ ગયેલુ. અંધારામાં નાસભાગ થવાથી પડી જવાથી મને તથા શાંતીભાઇને ઈજાઓ થયેલી. ટોળામાંથી કોણ શું બોલતુ હતુ તેની મને ખબર નથી. કોની પાસે શું હથીયાર હતુ તે હું કહી શકુ નહી. શાંતીભાઇએ કતવારા સરકારી હોસ્પીટલે સારવાર લીધેલી. મેં કોઇ સારવાર લીધેલ નથી. બનાવની ફરીયાદ મેં આપેલી. અસલ ફરીયાદ મને બતાવવામાં આવે છે, જેમા મારી સહી છે, જે હું ઓળખી બતાવુ છુ, જેને આ કામે રજુ દાખલ આંક–૬૪ આપવામાં આવે છે.

સદર ફરીયાદી સાહેદ વિ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ત્યારબાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો વિ.પી.પી.શ્રી ધ્વારા પુછવામાં આવેલ છે પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે ઘણા બધા માણસોનું ટાળુ હોઈ કોણ શું બોલતુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે કોના હાથમાં શું હથીયાર હતુ અને કોણે મારકુટ કરેલી તેની મને ખબર નથી. આરોપીઓ અમારા ગામના હોય તેઓને હું ઓળખુ છું.

**૧૩.** આ કામે ફરીયાદ પક્ષે બનાવમાં **ઈજાપામનાર સાહેદ શાંતિભાઇ** કાળીયાભાઇ બીલવાળને આંક–૬૫ થી તપાસેલ છે. સદર સાહેદ તેમની સરતપાસમાં જણાવે છે કે ''બનાવ છ એક વર્ષ પહેલા રાત્રીના

સમયે ગોચરની જમીન બાબતે બોલાચાલી થયેલી, તે વખતે ઘણા માણસોનું ટોળુ ભેગુ થઇ ગયેલુ. અંધારામાં નાસભાગ થવાથી પડી જવાથી મને તથા બચુભાઈને ઈજાઓ થયેલી. ટોળામાંથી કોણ શું બોલતુ હતુ તેની મને ખબર નથી. કોની પાસે શું હથીયાર હતુ તે હું કહી શકુ નહી. મને પડી જવાથી ઈજાઓ થતા મેં કતવારા સરકારી હોસ્પીટલે સારવાર લીધેલી. બચુભાઈએ કોઇ સારવાર લીધેલ નથી. બનાવની ફરીયાદ બચુભાઈએ આપેલી.પોલીસે મારુ નિવેદન લીધેલુ.

સદર સાહેદ વિ.પી.પી.શ્રીની વિનંતીથી હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ત્યારબાદ ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો વિ.પી.પી.શ્રી ધ્વારા પુછવામાં આવેલ છે પણ ફરીયાદ પક્ષના કેસની હકીકતને સમર્થન કરતા કોઇ પુરાવો રેકર્ડ પર આવેલ નથી.

સદર સાહેદ આરોપી તરફેની ઉલટ તપાસમાં જણાવે છે કે, એ વાત ખરી છે કે બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી. એ વાત ખરી છે કે ઘણા બધા માણસોનું ટાળુ હોઈ કોણ શું બોલતુ હતુ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે કોના હાથમાં શું હથીયાર હતુ અને કોણે મારકુટ કરેલી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે મને પડી જવાથી ઈજાઓ થયેલી. એ વાત ખરી છે કે મેં ડાકટર રૂબરુ કાઇ આરોપીઓના નામ લખાવેલ નથી. આરોપીઓ અમારા ગામના હોય તેઓને હું ઓળખુ છુ.

**૧૪.** આ કામે ઉપરોકત પુરાવાનુ મુલ્યાંકન કરવામાં આવે તો એ હકીકત સ્પષ્ટ જણાઈ આવે છે કે, આ કામમાં ફરીયાદ પક્ષે તપાસવામાં આવેલા ફરીયાદી તથા ઈજા પામનાર સાહેદની જુબાનીથી ફરીયાદની હકીકતને સમર્થન મળતુ નથી તેમજ તેઓની સોગંદ પરની જુબાનીમાં કોઈ પણ જગ્યાએ આરોપીઓએ જમીનની અદાવત રાખી સાહેદ શાંતિભાઈના ઘરે આવી ગાળો બોલી, કુહાડી કે લાકડી જેવા હથીયારો ધારણ કરી, ફરીયાદી તથા સાહેદોને માર મારેલ હોય કે ઈજા કરેલ હોય તેવી કોઇ હકીકત જણાવેલ નથી. ફરીયાદી તથા બનાવમાં ઈજા પામનાર સાહેદે તેમની ઉલટ તપાસમાં બનાવમાં માત્ર સામાન્ય બોલાચાલી થયેલી અને ધણા બધા માણસોનું ટોળુ હોઇ કોણ શું બોલેલુ અને કોના

હાથમાં શું હથીયાર હતુ અને કોણે મારકુટ કરેલી તેની ખબર નથી અને તેઓને પડી જવાથી ઇજા થયેલી તેવું સ્પષ્ટ કબુલ રાખેલ છે. આ કામે ફરીયાદ તથા ભોગ બનનાર સદંતર વિમુખ જાહેર થયેલ છે. તેઓ બનાવવાળી જગ્યાએ હોવા છતાં, બનાવ નજરે જોનાર તથા બનાવમાં ભોગ બનનાર હોવા છતાં ફરીયાદ પક્ષને મદદરૂપકર્તા નિવડેલ નથી અને તેથી આક્ષેપીત ગુનામાં આરોપીઓને તકસીરવાર ઠરાવી શકાય નહી. આ સંજોગોમાં આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નિવડેલ છે.

૧૫. આમ, આ કામે ફરીયાદ પક્ષનાં મુખ્ય સાહેદ ખુદ ફરીયાદી આ કામે સદંતર વિમુખ જાહેર થયેલ છે તથા ફરીયાદ પક્ષને બિલકુલ મદદરૂપકર્તા નીવડેલ નથી.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે **૧૯૯૬(૩) કાઈમ્સ પાના નં: ૮૫** પ્રસિધ્ધ કેસ **સતીષ મહેરા વિ દીલ્હી એડમીનીસ્ટ્રેશન** ના ચુકાદામાં નામદાર સર્વોચ્ચ અદાલતે પ્રતીપાદીત કરેલ સિધ્ધાંત મુજબ જયારે મહત્વનાં સાહેદો એ ફરીયાદ પક્ષને સમર્થન કરેલ ન હોય ત્યારે બાકીનાં સાહેદો ને તપાસવાની ફોર્માલીટી પુરી કરવી જરુરી નથી. નામદાર અદાલતે નિરીક્ષણ કરેલ કે....

When Judge is certain that there is no prospect of case ending in conviction, valuable time of Court Should not be wested for holding a trial only for purpose of formally completing procedure to pronounce conclusion on a future date.

આથી જયારે ભારત દેશમાં કોર્ટેમાં ઘણાં કોન્ટેસ્ટેડ કેસો પેન્ડીંગ છે ત્યારે જયારે હાલનાં કેસમાં મુખ્ય મહત્વનાં સાહેદે ફરીયાદ પક્ષનાં કેસ ને સપોર્ટ કરેલ નથી ત્યારે બાકીનાં સાહેદોને તપાસવાથી પણ કીમીનલ જયુરીશપૃડંશ મુજબ કેસ ની:શંક પુરાવાથી પુરવાર થઈ શકે તેમ નથી.

વધુમાં, નામદાર સુપ્રિમ કોર્ટે પ્રસિધ્ધ કરેલ **1998 CRI. L. J. 2481 State of Karnataka v. G. Narayanamurthy AIR 2008 (SC) pG 1969 & 2012 ACC (76) pG 279 Shiji @ Pappu Vs Radhika** સહિતના સંખ્યાબંધ ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવેલ છે કે, સામાન્ય રીતે કોર્ટોએ જયારે પક્ષકારો વચ્ચે વ્યકિતગત તકરાર હોય

તથા મુખ્ય ફરીયાદી ભોગબનનાર વિમુખ થયેલ હોય અને ફરીયાદ પક્ષને બીલકુલ સપોર્ટ કરેલ ન હોય તો તે અંગે કોર્ટ તેનો કીમતી સમય અન્ય સાહેદો ને તપાસવામાં વ્યર્થ કરવો જોઈએ નહી. કોર્ટમાં કેસોનુ ભારણ છે તથા તે અંગે જો ફરીયાદી મુખ્ય ભોગબનનાર જ જાતે વિમુખ હોય અને ફરીયાદ પક્ષને સપોર્ટ કરેલ ન હોય તો આ સંજોગોમાં આરોપી સામેનો કેસ ક્રીમીનલ જયુરીશ્યુડંશ મુજબ ની:શંક પુરાવાથી પુરવાર થઈ શકે નહી. કોર્ટોએ જે કેસમાં ફરિયાદ પક્ષને ફાયદારૂપ ચુકાદો આપવાનો ન હોય તેવા કેસોને લાંબા સમય સુધી પડતર રાખવાનું પરવળી શકે તેમ નથી. અત્રેના કેસમાં પણ આ ફરીયાદી તથા મુખ્ય ભોગબનનાર વિમુખ છે. તેથી આરોપી સામેનો કેસ અન્ય સાહેદો તપાસવાથી પણ ની:શંક પણે પુરવાર થઈ શકે તેમ નથી. તથા ફરીયાદી એ કલોઝીંગ પુરસીસ આપી ને પણ કોઈ અન્ય સાહેદો ને નહી તપાસવાની હકીકત દર્શાવેલ છે. નારાયણ મુર્તીનાં કેસમાં જણાવેલ છે કે.... In the present case, both the trial Court and High Court were totally handicapped by the fact that the mother of the girl had virtually turned hostile. She had even gone to the extent of saying that the injury sustained by the girl was as a result of a fall and she has totally and completely exonerated the accused to the extent of saying that she does not even know him. With this type of record, which gets compounded by the fact that the doctor had also not supported the prosecution case, the Court was therefore left with absolutely no material on the basis of which a conviction could be sustained. Having regard to the seriousness of these cases and the graveness and the complexion of the offences, the High Court examined the facts thoroughly on merits, and with a degree of deepest regret, recorded that it would be impossible to disturb the acquittal order passed by the trial Court.(Para 4)

૧૬. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવો જોતા આ કામના કારણો ની ચર્ચા માં આક્ષેપીત ગુના ની કલમનાં ઉકત તત્વો જોતાં તમામ તત્વો એકી સાથે આરોપીઓ સામે ની:શંક પણે Beyond Reasonable Doubt પુરવાર ફરીયાદ પક્ષ કરી શકેલ નથી જેથી શંકા કુંશંકા પ્રેરાય છે અને શંકાનો લાભ આરોપી પક્ષને રહે છે. આમ, ફરીયાદ પક્ષ, આરોપીઓ વિરુધ્ધનો આક્ષેપિત ગુનો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ મુદ્દા નંબર–૧ નો જવાબ નકારમા ઠરાવી મુદ્દા નંબર–ર પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

૧. આ કામે આરોપીને સી.આર.પી.સી.ની જોગવાઇ મુજબ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૨૩,૩૨૪,૫૦૪,૧૧૪ તથા જી.પી.એકટન કલમ–૧૩૫ મુજબના ગુનામાં શંકાનો લાભ આપીને નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપીએ અગાઉ આ કામે રજુ કરેલ જામીન ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ છ મહીનાના સમય સુધી લંબાવવાનો હુકમ કરવામાં આવે છે.

3. મુદામાલ હથીયાર હોય તો તેનો અપીલ સમય બાદ નાશ કરવો. અન્ય કોઇ મુદામાલ બાકી રહેતો હોય તો ત.ક.શ્રી વધુ હુકમ માટે કોર્ટને તેની જાણ કરી શકશે અને વધુ હુકમ મેળવી શકશે.

આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

સ્થળ: દાહોદ
તા.7/3/2026

**(ડબલ્યુ આર. મલીક)**
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, દાહોદ
UIC No GJ01144

આર. બી. પટેલ.